**સુવિચાર**
જીવન એવું જીવવું કે કોઈ તમારૂ બુરૂ બોલે, તો પણ લોકો તે માને નહિં !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૪/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૦૯

## દાયકાઓ પહેલા મહાત્મા ગાંધીનો જયાં ઉતારો રહેતો તેવી

# અમરેલીની ૧૦૦ વર્ષ પુરાણી ઈમારતનો હેરિટેઝમાં કરો સમાવેશ

**મહાત્મા ગાંધીએ ૧૦૦ વર્ષ પહેલા જે પ્રાર્થના મંદિર અને પુસ્તકાલયનું ભૂમિપૂજન કરેલ તે ઈમારત આજે હયાત**

**મહાત્મા ગાંધીએ ૭ વખત અમરેલી શહેરમાં પાવન પગલા પાડયા હતા**

**કપોળ બોર્ડિંગ ઉપરાંત મીર સાહેબની હવેલીમાં પણ ગાંધીજીનો ઉતારો રહેતો હતો**

**શહેરમાં મહાત્મા ગાંધીની યાદગીરી આપનાર જે કોઈ ઈમારત છે તેનો હેરિટેઝ બિલ્ડિંગમાં સમાવેશ કરવો જરૂરી**




અમરેલી, તા. ૧૮

સમગ્રવિશ્વનાંમહામાનવ, ગુજરાતનાંપનોતાપુત્રઅનેભારતદેશને હજારો વર્ષ બાદ આઝાદીની ભેટ આપનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેમના જીવનપર્યંત ૭ વખત આપણા અમરેલીશહેરનીમુલાકાતલીધીહતી.

મહાત્મા ગાંધીએ વિક્રમ સવંત ૧૯૮૧માં કપોળ બોર્ડિંગના મેદાનમાં પુસ્તકાલય અને પ્રાર્થના મંદિરનાં મકાનનું ભૂમિપૂજન કરેલ તે મકાન આજે પણ હાયત છે અને જયાં થોડાવર્ષોપહેલાઆવકવેરાકચેરીહતી અનેઆજેસમગ્રપટાંગણનુંવેચાણથઈ ચુકયું હોય રાજય અને ભારત સરકારે આજેસમગ્રકપોળબોર્ડિંગકેમ્પસતેમજ મીર સાહેબની હવેલી જેવા મહાત્મા ગાંધીનીયાદગીરીઆપેતેવીઈમારતોને હેરિટેઝમાંસમાવેશકરવોજોઈએતેવી માંગગાંધીપ્રેમીઓકરીરહ્યાછે.

મહાત્મા ગાંધી પોતાના જીવનકાળમાં સાત વખત અમરેલી ની મુલાકાતે આવેલાની માહિતી છે.અમરેલીનાપનોતાપુત્રશ્રીજીવરાજ મહેતા માટે ગાંધીજીને વ્યકિતગત માન હતું.

ગાંધીજીનીમુલાકાતોસમયે હરિલાલભાઈ પરીખ,જગજીવનભાઈ મહેતા, વાજસુરભાઈ વાળા, રામજીભાઈ કામાંણી જેવા ગાંધીજીના અનેક સમર્થકો દ્વારા એમનું અદકેરૂં સ્વાગતસન્માનથયેલહતું.

આ મુલાકાતો દરમિયાન ગાંધીજીનોઉતારોકપોળબોર્ડિંગ,મીર સાહેબની હવેલી ખાતે રહેતો હતો.અમરેલીની કપોળ બોર્ડિંગમાં ગાંધીજીએસ્વહસ્તેજનતાજોગસંદેશો પણલખેલોછે.

જૈનમહાજનવાડી,સાથલી નદીનો પટ્ટ અને અમરેલી સુધરાઈ ઓફિસ પાસે એમની જાહેરસભાઓ થયેલીહતી.

આમુલાકાતોદરમિયાન

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જસદણ પંથકની એક તરૂણી સાથે અમરેલીનાં યુવકનું કારસ્તાન

# અમરેલીનાં જળાશયની ઝાડી સહિત ૨ સ્થળોએ તરૂણી સાથે દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**સ્પે. પોકસો કોર્ટમાં સરકારી એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો માન્ય રાખવામાં આવી**

અમરેલી, તા. ૧૮

જસદણતાલુકાવિસ્તારના ગામેરહેતીએક૧૪વર્ષ૪મહિનાઉંમર ધરાવતી સગીર વયની તરૂણીને અમરેલીમાં રહેતા ઈસમે અઢી વર્ષ પહેલાંતેતરૂણીનોઈન્ટાગ્રામમાંકોન્ટેક કરી, ત્યાર બાદ વોટ્સએપ મેસેજ તથા ફોનમાં અવાર નવાર વાતચીત કરી તરૂણીને જે જોઈએ તે વસ્તું લઈ આપશે તેવીવાલચઆપીવિરનગરથીઅમરેલી ખાતે બોલાવી આરોપી અને તેમનાં મિત્રનાં મોટર સાયકલમાં બેસાડી લઈ જઈ એક વખત અમરેલી ડેમ પાસે ઝાડીમાં તેમજ બીજી વખત આરોપીના મિત્રના ઘરે લઈ જઈ એમ બે વખત આરોપીએતરૂણીનીસાથેતેણીનીસંમતી વગર, બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધેલ હતો. આ અંગે જે તે સમયે બે આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાયેલહતી.આઅંગેનોકેસ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી આકરા પાણીએ

# દામનગર : સમાજમાં ભય ફેલાવનાર ભાજપનાં કાર્યકર અતુલભાઈ દલોલીયાને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

**ભાજપનાં નામે ભય ફેલાવનાર તમામ કાર્યકર્તાઓને જિલ્લા ભાજપ પ્રમુખે સસ્પેન્ડ કરી દેવા જોઈએ**

અમરેલી, તા. ૧૮

અમરેલીજિલ્લાભાજપનાં પ્રમુખ અતુલ કાનાણીએ દામનગર શહેરમાં સમાજમાં ભય ફેલાવનાર પાર્ટીનાંકાર્યકર્તાનેસસ્પેન્ડકરીદીધહોય જિલ્લાભરમાંભાજપનાંહોદાનીરૂએજે કોઈ ભયફેલાવેછેતેવાકાર્યર્તાઓનેપણ સસ્પેન્ડકરીદેવાજોઈએતેવીમાંગઉભી થઈ છે.

ભાજપપ્રમુખેદામનગરનાં કાર્યકર્તાનેસસ્પેન્ડકરતાંપત્રમાંજણાવેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**85,300/-**
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

**નારી હોસ્પિટલ**
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી.**
સંચાલીત શાળાઓનો તૃતિય સમન્વય વાર્ષિકોત્સવ...
**ઉલ્લાસ (૩.૦) - ૨૦૨૫**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત પ્રાથમિક શાળાના આભને આંબવા મથતાં પુષ્પવાટિકાનાં આ મઘમઘતા પુષ્પોમાં રહેલી પ્રતિભાને ખીલવવા, તેમના વ્યકિતત્વને વિકસાવવા અને તેમની આંખોમાં ઉંચી ઉડાનનાં સ્વપ્નોને આંજવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં આપશ્રીને પરિવાર સહિત ભાવભર્યુ આમંત્રણ...

**અધ્યક્ષશ્રી**
માન. શ્રી કૌશિકભાઈ વેકરીયા – ઉપદંડકશ્રી ગુજરાત રાજય

**ઉદ્‌ઘાટકશ્રી**
માન. શ્રી ટી. એસ. જોષી – કુલપતિશ્રી, ચિલ્ડ્રન યુનિ. ગાંધીનગર
માન. શ્રી અજય દહિંયા – કલેકટરશ્રી, અમરેલી.

**મુખ્ય મહેમાનશ્રીઓ**
માન.શ્રી નારણભાઈ કાછડીયા – પૂર્વ સાંસદશ્રી, અમરેલી.
માન.શ્રી હિરેનભાઈ હિરપરા – મહામંત્રી કિસાન મો. પ્રદેશ ભાજપ
માન.શ્રી અતુલભાઈ કાનાણી – જિલ્લા ભાજપ પ્રમુખશ્રી
માન.શ્રી બિપીનભાઈ લીંબાણી – પ્રમુખશ્રી નગરપાલીકા, અમરેલી.
માન.શ્રી અશ્વિનભાઈ સાવલીયા – ચેરમેનશ્રી, અમર ડેરી
માન.શ્રી ડો. ભરતભાઈ કાનાબાર – પૂર્વ પ્રમુખશ્રી જિલ્લા ભાજપ
માન.શ્રી પી. બી. પંડયા – D.D.O., અમરેલી
માન.શ્રી મહેશ નાકીયા – પ્રાંત અધિકારીશ્રી
માન.શ્રી એમ. બી. ગોહીલ – D.E.O. અમરેલી
માન.શ્રી પ્રતિક કુંભાણી – ચિફ ઓફિસરશ્રી, અમરેલી.
માન.શ્રી કે. વી. મીયાણી – D.P.E.O. અમરેલી.
માન.શ્રી શિતલબેન ઠાકર – શાસકપક્ષના નેતાશ્રી
માન.શ્રી મુકેશભાઈ સંઘાણી – પૂર્વ પ્રમુખશ્રી જિલ્લા યુ. મોરચો ભાજપ
માન.શ્રી પી. પી. સોજીત્રા – પૂર્વ ચેરમેનશ્રી APMC, અમરેલી
માન.શ્રી બીનાબેન કાલેણા – ઉપપ્રમુખશ્રી નગરપાલીકા, અમરેલી.
માન.શ્રી મનીષભાઈ ધરજીયા – કારોબારી ચેરમેન, નગરપાલીકા, અમરેલી.
માન.શ્રી વિજયભાઈ ચોટલીયા – શહેર ભાજપ પ્રમુખશ્રી
માન.શ્રી દિલીપભાઈ વાળા – દંડકશ્રી નગરપાલીકા, અમરેલી.

**વિદ્યાર્થીઓના પ્રોત્સાહકકર્તા**
માન.શ્રી જીતુભાઈ ગોળવાળા – વેપારી અગ્રણીશ્રી
માન.શ્રી કેતનભાઈ સોની – નિલકંઠ જ્વેલર્સ, અમરેલી
માન.શ્રી રાજુભાઈ ધાનાણી – જ્ઞાનદિપ વિદ્યામંદિર, અમરેલી.




**તારીખ/સમય**
તા. ૧૯/૦૪/૨૦૨૫, શનિવાર
સાંજના ૦૫:૦૦ કલાકે

**સ્થળ**
બાલભવન, આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ સ્કુલ સામે, અમરેલી

**...નિમંત્રક...**
આશિષ જોષી – શાસનાધિકારી
દામજી ગોલ – વાઇસ ચેરમેન
તુષાર જોષી – ચેરમેન

**...સભ્યશ્રીઓ...**
મેહુલ ધોરાજીયા-દિલીપસિંહ ઠાકોર-દિવ્યેશ વેકરીયા-નિકુ પંડયા-રસિક પાથર
નિખીલ આશર-ભાવેશ પરમાર-પરેશ દાફડા-મનિષ સિધ્ધપુરા-અતુલપુરી ગોસાઈ
તેમજ તમામ આચાર્યશ્રી તથા શિક્ષકગણ
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પરિવાર અમરેલી**

# પ્રધાનમંત્રી મોદી અને સહકાર મંત્રી અમિત શાહનાં વડપણતળે બનેલ

# ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારીતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય

## વિશ્વવિદ્યાલય ભારતમાં સહકારી આર્થિક આંદોલનને સુવર્ણ યુગમાં પ્રવેશ અપાવનાર ઐતિહાસિક કદમ સાબીત થશે

અમરેલી, તા. ૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મલદીનાં નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઉભા કરવાના હેતુથી ભારત સરકારે ''ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય''ની સ્થાપનાનું સુચન કર્યુ હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે ''ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ'' લોકસભા અને રાજયસભા બંનેનમાં પાસ થઈ ચુકયું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણૂંક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિક ભજવશે.

સમગ્ર વિશ્વ સહકારીતાના શ્વાસોશ્વાસથી સભર છે, સહકારના ઉધ્ધમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતાં સને ૧૯૦૪માં ઔપચારિક સમિતિઓના ગઠન સાથે નીતિ–નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજિક જીવનધોરણને સ્પર્શે છે.

સહકારી પ્રવૃત્તિ લોકાભિમુખ જરૂર છે, યુવા શકિતને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજિક ઉત્થાનનું અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃત્તિને ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ ''ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય'' ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે. આ ક્ષેત્ર આપણું સૌનું છે આપણે સૌ તેમાં સંકળાયેલ છીએ... સમાયેલ છીએ... સહયોગી છીએ...

વ્યવસાયીક શિક્ષણની ઉણપને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી



દિલીપ સંઘાણી, અધ્યક્ષ NCUI, IFFCO, GUJCOMASOL અને પૂર્વ મંત્રી ગુજરાત.

તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમાં મેળવી શકશે. યુવા તાલીમના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસીયક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકારને વેગ અને સહકારમાં યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃત્તિથી ઓજસ્વી છે તેમાં હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

સહકારી અને સાર્વજનિક વિકાસમાં યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓમાંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય ''સહકારથી સમૃધ્ધિનો'' માર્ગ બનશે જેમાં પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃત્તિઓ ધ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વ વિદ્યાલયના ડિગ્રી શિક્ષણમાં યુવાનોની સામેલગીરી સહકારને નવી શકિત પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે–વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧માં આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મુલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યુ, સ્વદેશી કપડા તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાને રોજગારી મળી અંતે સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શકિતશાળી સહકારી પ્રવૃત્તિ જેને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનુંક ાર કરશે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિગેરે જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે.

ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનું કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. પ્રધાનમંત્રીનું સુત્ર ''સહકારથી સમૃધ્ધિ'' ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શકિતમાં સહકારી શિક્ષણનાં બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે.

### આજે સાંજનાં ૬:30 કલાકે

# રાજુલાનાં કવિ શશિભાઈ રાજયગુરૂની કાવ્ય રચનાઓ ગુજરાત ચેનલ પર પ્રસારીત થશે

## જીટીપીએલ ચેનલ પર કાર્યક્રમ યોજાશે

રાજુલા, તા. ૧૮

અમરેલી જીલ્લા તથા સમગ્ર ગુજરાતમાં બહોળો ચાહક વર્ગ ધરાવતા શશિભાઈ રાજયગુરૂ જાફરાબાદ તાલુકાના હેમાળ ગામના વતની છે. હેમાળના હોવાના નાતે તેમનું ઉપનામ 'હેમાળવી' આણંદના સંત નારાયણચરણદાસજીએ આપ્યું છે. રાજુલા શહેરને 'પથ્થરનાં શહેર' તરીકે પ્રસિધ્ધિ આપનાર શશિભાઈએ રાજુલા શહેર પર પણ અસંખ્ય રચનાઓ લખી છે. તદ ઉપરાંત તેમના ગીત ગઝલ લોકગીત ભજન તેમના ચાહકોમાં ખુબજ પ્રસિધ્ધિ પામ્યા છે. રાજુલા શહેર ખાતે સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા કવિ સંમેલનો વ્યાખ્યાનો તેમજ 'કાગ સ્મૃતિ' જેવા



લોકસાહિત્યના કાર્યક્રમો વખતો વખતો આયોજન કરતા રહે છે. તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'પરમશુભ' ૨૦૧૭માં પણ પુ. ભાઈ રમેશભાઈ ઓઝાના હસ્તે વિમોચન થયેલ હતુ ને એ કાવ્ય સંગ્રહના નામ પરથી જ પોતાના રાજુલા ખાતે ના મકાનનું નામ પણ 'પરમશુભ' રાખેલ. આગામી સમયમાં તેમનો બીજો કાવ્યસંગ્રહ 'એક બોર તો ચાખો' આગામી સમયમાં પ્રસિધ્ધ થવા જઈ રહ્યો છે. જે કાવ્યસંગ્રહને પુ મોરારિબાપુએ આશિર્વાદ આપ્યા છે. તે ઉપરાંત તેઓ ટુંકી વાર્તા નવલકથા તેમજ સૌરાષ્ટ્રની લોક બોલીના તળપદા શબ્દો જે હાલ બોલચાલની ભાષામાંથી લુપ્ત થયા છે અથવા તો લુપ્ત થવાની કગાર પર છે. તેના પર ગહન અભ્યાસ કરી રહેલ છે. જીટીપીએલ ગુજરાતી ચેનલ પર તેમની કવિતાઓ રજુ થતા તેમને બહોળી પ્રસિધ્ધિ મળશે. તેમના ચાહકવર્ગમાં બહોળો ઉત્સાહ પ્રવર્તી રહેલો છે.

### આગામી ૨૦ થી ૨૭ એપ્રિલ સુધી

# ગોંડલનાં મોટા દડવા ખાતે દરબારશ્રી વાળા પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત્ કથા યોજાશે

## વ્યાસપીઠ પરથી શાસ્ત્રી વિપુલદાદા જોષી કથાનું રસપાન કરાવશે

બાબરા, તા. ૧૮

ગોંડલ તાલુકાના મોટા દડવા ખાતે દરબાર વાળા પરિવારના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા ૨૦ થી ૨૭ એપ્રિલના દરમિયાન આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વિવિધ ધાર્મિક અને પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે કથાના વ્યાસપીઠ પર બાબરા તાલુકાના ચમારડી ગામના શાસ્ત્રી વિપુલદાદા જોષી બિરાજી કથાનું સુમધુર સ્વરમાં અને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે.



ગોંડલ તાલુકાના મોટા દડવા ગામના દરબાર રામભાઈ વાળા, કાળુભાઈ વાળા, દરબાર જનકભાઈ કાળુભાઈ વાળા, દરબાર દિલીપભાઈ જશાભાઈ વાળા, દરબાર યોગરાજભાઈ ગોદડભાઈ વાળા, દરબાર આશિષભાઈ વિરાભાઈ વાળા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહનો આગામી તા ૨૦ એપ્રિલ અને રવિવારના રોજ દિવ્ય પ્રારંભ થશે અહીં રવિવારે બપોરે ૩ કલાકે ભવ્ય પોથીયાત્રા રામજી મંદિરથી પ્રસ્થાન થઈ સમગ્ર ગામમાં ફરી કથા સ્થળે પહોંચશે.

કથા દરમિયાન કપિલ અવતાર, વામન અવતાર, રામ જન્મોસત્વ, કૃષ્ણ જન્મોસત્વ, ગોવર્ધન લીલા અને રૂક્ષ્મણી વિવાહ સહિતના ધાર્મીક અને વિવિધ પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

અહીં આયોજિત કથાનો અને મહાપ્રસાદનો લાભ લેવા સર્વ ભાવિકને દરબાર વાળા પરિવાર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

### બાંધકામ એજન્સી નિયમોનો ઉલાળીયો કરીને કરે છે કાર્ય

# સાવરકુંડલા શહેરમાં ચાલતા ગટરનાં કામથી વેપારીઓને ધંધો–રોજગાર કરવામાં મુશ્કેલીઓ

## યુધ્ધનાં ધોરણે કાટમાળ હટાવવામાં ન આવતા અવર–જવરમાં વિક્ષેપ





સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં ચાલતા ગટરના કામથી વેપારીઓ ધંધા વિહોણા થયા છે. હાલ તો આ વેપારીઓને ઘણું નુકસાન વેઠવાનો સમય છે. ખાસ કરીને નાના ધંધાદારીઓના રોજગાર બંધ જેવી હાલતમાં છે. હાલ જયાં કામ ચાલુ છે એ નાના ધંધાર્થી હાલ રોજી રોટી માટે ફાંફાં મારતા હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે.

સાવરકુંડલા શહેરના રિધ્ધિ સિધ્ધિ ચોકથી ભૂવા રોડ સુધીના ચાલતા ગટરના કામ માટે ગત તારીખ ૨૦ એ જાહેરનામું બહાર પાડેલ કે ગટરનું કામ શરૂ કરવામાં આવશે તેને પણ આજે લગભગ એક માસ જેવો સમય થવા આવેલ છે છતાં પણ હજુ ૨૦ ટકા જેટલું કામ પૂર્ણ થયું હોય એવું લાગે છે અને ૮૦ ટકા જેવું કામ બાકી છે. જયાં કામ ચાલુ છે ત્યાં વેપારીઓના ધંધા રોજગાર બંધ રાખવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

જેના કારણે ધંધાર્થીઓને ભારે મુશ્કેલી સાથે આર્થિક રીતે ભારે નુકસાની સહન કરવી પડે એવુ છે. મંથર ગતિએ ચાલતું ગટર કામ યુદ્ધ ધોરણે પૂર્ણ થાય તેવું લોકો પણ ઈચ્છી રહ્યા છે. ગટરનું કામ ચાલુ હોવાથી ખોદાણ સમયે નીકળતા ધૂળના ઢગલાથી હાલ તો પાલા ધારકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. આવી કપરી સ્થિતિના કારણે બે ત્રણ દિવસથી પાલા ધારકોએ પોતાના ધંધા ના છૂટકે બંધ રાખવા પડેલ તેવી સ્થિતિ સર્જાઈ છે. એક તો ધંધામાં મંદી અને એમાં ગટર કામના ખોદાણ અને તેમાં પણ મોટામોટા માટીના ગંજ પરિણામસ્વરૂપે આ વિસ્તારના વેપારીઓના ધંધા બંધ જેવી હાલતમાં છે. એટલે હાલ પાલા ધારકોને તો દુષ્કાળમાં અધિક માસ જેવી પરિસ્થિતિ હોય તેવો ઘાટ ઘડાયો છે. આ અગાઉ મેઈન બઝારના રસ્તાનું કામ ચાલુ હતું ત્યારે આવી પરિસ્થિતિ એ વેપારીઓએ પણ ભોગવી હતી.

હજુ ગટરનું કામ તો પૂર્ણ ક્યારે થશે એ રામ જાણે? ત્યાં રોડનું કામ શરૂ થશે એટલે વળી પાછી પાલાધારકોને પરેશાની. આજના યુગમાં જયારે ટેકનોલોજી હાઈટેક થતી જોવા મળે છે ત્યારે વિકાસના કોઈ પણ કામ મંથર ગતિએ આગળ વધે એ વ્યાજબી કહેવાય ખરૂં? એમ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે એક પ્રકારે ધીમી ગતિએ વિકાસનું કામ થાય ત્યારે જયાં પણ કામ ચાલુ હોય તેને કેટલી કેટલી મુશ્કેલી વેઠવી પડતી હોય છે? એ તો જેના પર વિતે એ જ જાણે. કોઈ પણ વિકાસનું કામ સંપૂર્ણ સો ટકા ગુણવત્તાયુકત અને નિર્ધારિત સમય દરમિયાન પૂર્ણ થવું જોઈએ. અને આ તમામ પાસાનું પૂર્વ આયોજન કામ શરૂ કરતાં પહેલાં જ વિચારવું જોઈએ. એમ મેનેજમેન્ટ એક્સપર્ટો પણ કહે છે. વિકાસના કોઈ પણ કામમાં મંથરગતિ એ વિકાસ માટે અવરોધક પરિબળ જ ગણાય. અને વિશ્ર્વ ગુરૂ બનવા માટે આ તમામ બાબતો બાધક બનતી હોય છે. આવા વિકાસના કામો થતાં હોય ત્યારે નાના ધંધાર્થીઓ, આમઆદમી તથા રસ્તા પરથી પસાર થતાં તમામ રાહદારીઓની મુશ્કેલી આ તમામ પાસાઓનો પણ ગંભીરતા પૂર્વક વિચાર કરી વહેલીમાં વહેલી તકે અને ગુણવત્તા યુક્ત કામ શક્ય હોય તો પાળી પ્રથા દ્વારા દિવસ રાત ચાલું રાખીને પૂર્ણ કરવા જોઈએ તેમજ જનતાના પરસેવાના પૈસાનો સો ટકા સદુપયોગ થાય એ બાબતે પણ સંપૂર્ણ સભાનપણે પ્રયાન રાખીને વિકાસ કામોને વેગ આપવો જોઈએ એમ શહેરના બુધ્ધિજીવોમાં ચર્ચાઈ રહ્યું છે. એટલે પ્રત્યેક કે પરોક્ષ રીતે જનતાને ઓછી મુશ્કેલી પડે એ બાબતને પણ સો ટકા લક્ષમાં લેવી જોઈએ.

# બાબરા : ખાનગી બેન્કનાં મેનેજરની બદલી થતાં વિદાય અપાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા એચડીએફસીના બેંકના મેનેજર મયુરસિંહ ઝાલા સાહેબની બઢતી સાથે જીલ્લા ફેર બોટાદ મુકામે બદલી થતા બેંકનો સ્ટાફ તથા સીકયુરીટી ગાર્ડ ધીરૂભાઈ શિયાળ તેમજ ભરતભાઈ ગમારા તેમજ કોળી સમાજના અગ્રણી વિનુભાઈ કામડ તેમજ કિશોરભાઈ કુબાવત ધ્વારા તેવોનું વિદાય સન્માન પાઘડી પહેરાવીને અને સાલ ઓઢાડી અને શ્રીફળ સાકર પડાથી સન્માન કરી વિદાય આપેલી અને આ બેંકમાં છેલ્લા પાંચ વર્ષથી અંદર જે કામગીરી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સારી કામગીરી કરેલી અને સારી લોકચાહના મેળવેલી.

# બગસરામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

તસ્વીર : સમીર વિરાણી–બગસરા









બગસરામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં શાંતાબા મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલ અમરેલીના ડોકટર દ્વારા આજે બગસરામાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકો દ્વારા બહોળી સંખ્યામાં લાભ લીધેલો હતો. આપણા ભારત દેશના પ્રધાનમંત્રીના વિઝન અને મિશન એવા આયુષ્યમાન ભારત અંતર્ગત જનસમુદાયને ઉત્કૃષ્ટ આરોગ્ય સેવા મળી રહે તેમજ ગંભીર પ્રકારના રોગોનું નિદાન અને સારવાર થઈ શકે તેવા હેતુથી શહેરના સામુહિક કેન્દ્ર દ્વારા આજે ૨૦૦ જેટલા દર્દીઓએ આ આરોગ્ય કેમ્પમાં લાભ લીધો હતો. આ કેમ્પમાં અમરેલીના ડોકટરો જેવા કે હૃદય રોગના નિષ્ણાંત, બાળકોના નિષ્ણાંત, સ્ત્રીરોગના નિષ્ણાત, જનરલ સર્જન, કાન નાક ગળાના નિષ્ણાંત, આંખોના નિષ્ણાંત, માનસિક રોગના નિષ્ણાંત, ચામડીના રોગના નિષ્ણાત તેમજ દાંતના નિષ્ણાંત જેવા અનેક પ્રકારના રોગોને લગતા નિષ્ણાંત ડોક્ટરો દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન


# અમરેલીનાં બાલભવનમાં આજે સાંજે ''ઉલ્લાસ'' કાર્યક્રમ યોજાશે

શહેરમાં શિક્ષણ સમિતિ સંચાલિત ૧૨થી વધુ શાળાઓનાં ભુલકાઓ અવનવી કૃતિઓ રજૂ કરશે

શાળાનાં જે બાળકો વિવિધ સ્પર્ધામાં અગ્રેસર રહ્યા તેઓનું સન્માન પણ કરવામાં આવશે

નાયબ દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને યોજાનારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કુલપતિ ટી.એસ. જોષી કરશે

જિલ્લાનાં રાજકીય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેવાનાં હોય શિક્ષણ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ



અમરેલી, તા. ૧૮

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તમામ શાળાઓનો વાર્ષિકોત્સવ નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને, ઉદઘાટક કુલપતિ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર ટી.એસ. જોષી તથા કલેકટર અજય દહિયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે.

આ વાર્ષિકોત્સવ ''ઉલ્લાસ (૩.૦)-૨૦૨૫''ની ઉજવણીમાં તમામ શાળાઓના બાળકો ધ્વારા વિશાળ મંચ પર કૃતિઓ રજુ કરવામાં આવશે તેમજ વર્ષ દરમિયાન તાલુકા, જિલ્લા, રાજય કક્ષાએ મેળવેલ સફળતા બદલ તેમને સન્માનિત કરાશે તેમજ શાળાના શિક્ષકોએ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેમને પણ સન્માનિત કરવામાં આવશે. તેમજ દરેક વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. તેમજ શાળાઓમાંથી નિવૃત્ત થયેલ શિક્ષકોને વિદાય સન્માન આપવામાં આવશે.

કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ડીડીઓ પી.બી. પંડયા, કિસાન મો. પ્રદેશ ભાજપ મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ પ્રમુખ જિલ્લા યુવા મોરચો ભાજપ મુકેશભાઈ સંઘાણી, પ્રાંત અધિકારી મહેશ નાકીયા, નગરપાલિકા પ્રમુખ બિપિનભાઈ લીંબાણી, નગરપાલિકા ઉપપ્રમુખ બીનાબેન કાલેણા, પૂર્વ પ્રમુખ જિલ્લા ભાજપ ડો. ભરતભાઈ કાનાબાર, અમર ડેરીના ચેકમેન અશ્વિનભાઈ સાવલીયા, એપીએમસી પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહીલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મીયાણી, ચીફ ઓફિસર પ્રતિક કુંભાણી, નગરપાલિકા કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકા દંડક દિલીપભાઈ વાળા, શાસકપક્ષના નેતા શિતલબેન ઠાકર, જીતુભાઈ ગોળવાળા, કેતનભાઈ સોની, રાજુભાઈ ધાનાણી સહિત દાતાઓ, વિદ્યાર્થીઓ, વાલીગણ, વેપારીઓ, ડોકટરો, વકીલ મંડળ સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમની સફળતા માટે ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, શિક્ષણ સમિતિના સભ્યો, આચાર્યો, શિક્ષકો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં સંદિપ વામજાની યાદી જણાવે છે.

### આધુનિક યુગમાં પણ ટીટોડીની બોલબાલા

## રાજુલામાં ૪થા માળે ટીટોડીએ ૪ ઈંડા મુકતા સારા વરસાદનાં એંધાણ

### ઈંડાની સુરક્ષા માટે થયું આયોજન

રાજુલા, તા.૧૮

ગુજરાતભરમાં ચોમાસુ સામાન્ય કરતાં સારૂ રહેશે તેવી હવામાન ખાતાથી આગાહી હોય ત્યારે આજે રાજુલા ખાતે ન્યુઝ પેપરની ફેરી કરતા દેવજીભાઈ બાંભણિયાને આ બિલ્ડિંગના માલિકે કહેલ કે તમારે ઈંડા જોવા છે. અને ફોટા પાડવા હોય તો પાડી લો હમણાં કલાક પહેલા ટીટોડીએ ઈંડા મૂકયા અને ટીટીડી રાડું પાડતો અવાજ થયો હોય અને અમે ઉપર જોતા ટીટોડીએ ઈંડા મૂકયા હતા એ ઈંડા ટીટોડીએ જોયા અને જાણકારોને આ ઈંડા દિશામાં મૂકયા છે. તે અંગેની માહિતી લીધી ટીટોડીએ ઈંડા બે હોય તો ૫૦% વરસ ત્રણ હોય તો ૭૫% અને ચારે ચાર ઈંડા જીવતા હોય તો ૧૬ અને વર્ષ થવાના સંકેત ખેડુતો કહી રહ્યા છે. તેમજ ઈંડા પણ એક તરફી ખૂણો હોવાથી સારા સંકેત હોય છે. તેમજ ઈંડા પણ સજીવન છે. અને ટીટોડી પણ માથે ફરતી હોય ત્યારે ગોલ્ડન પ્લાઝા કોમ્પ્લેકસના માલિક હુસેનભાઈ જાફરાબાદ માવાણીનું કોમ્પ્લેક્ષ છે. અને આ ઈંડા બપોર પછી જ મૂકયા છે. આ ઈંડા મૂકયા છે તે ઈંડામાં જાણકાર એક ભાઈએ કહ્યું કે કાળા ટપકા ઘાટા હોવાથી વરસાદ જોરદાર પડે છે. જેથી ગોલ્ડન પ્લાઝાના માલિક અને હોસ્પિટલના ડોકટર બંનેના સહયોગથી સત્તાવાળાઓએ પણ ઈંડા સુરક્ષિત રહે તે માટે અગાસી ઉપર જવા માટેનું દરવાજો પણ બંધ કરી દીધો છે. જેથી અગાસી ઉપર ઉદર બિલાડી કે જીવજંતુ પણ જઈ શકે નહીં આમ આ વર્ષ સારૂ થવાનું સંકેત ટીટોડીના ઈંડા ઉપરથી કહેવાય છે. આમ તો હાલ ધાબા ઉપર સુરક્ષિત રહે તે માટે પાણી ખોરાક બધી વ્યવસ્થા કરી છે. પરંતુ ઉપરથી કોઈ મોટું પક્ષી આવી અને ઈંડા કે ટીટોડીને નુકશાન ન કરે તે જોવાનું રહ્યું દેવજીભાઈ બાંભણિયાએ જણાવ્યું હતું બીજી તરફ આજે હવામાન ખાતાએ આગાહી કરી છે. કે દેશભરમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડવાનું અનુમાન ગુજરાત સહિત એવા સમયે ભારતીય હવામાન ખાતા એ સમાચાર જાહેર કરવામાં આવ્યા છે કે જે આગામી ચોમાસુ જોરદાર રહેશે અને ૧૦૫% વરસાદ પડશે આ ચોમાસું જોરમાં અને સારૂ રહેશે હવામાન ખાતાની આગાહીથી કૃષિ ગ્રામીણ અર્થતંત્રની વ્યવસ્થા અને મોંઘવારી એમ ત્રણેય ક્ષેત્રમાં રાહત થશે બીજી તરફ આ ટીટોડીએ ઈંડાથી જૂની કહેવત પણ સાર્થક થઈ છે.



### સરપંચે કલેકટરને પત્ર પાઠવ્યો

## દેવભૂમિ દેવળીયા ગામનાં નામનો સરકારી વિભાગોમાં સુધારો કરો

### સરકારી પરિપત્રની અમલવારી જરૂરી

અમરેલી, તા. ૧૮

દેવભૂમિ દેવળીયા ગામના નામનું ફેરફાર અંગેનું સામાન્ય વહીવટ વિભાગ ગુજરાત રાજયના નોટિફિકેશન તારીખ ૧૫/૩/૨૦૨૫ અને ગેઝેટ પ્રસિધ્ધી છતા ચુંટણી વિભાગ ધ્વારા જ ફેરફાર થયેલ છે. બાકીના રેવન્યુ એસ.ટી. આધાર કાર્ડ, પુરવઠા વિભાગ વિગેરે તમામ ૨૦૨૪ના પત્ર નં. ચિ/જમન/૩/વશી/૨૬૫૮/૨૦૨૪નો અમલ કરવામાં આવેલ નથી. તો તમામ વિભાગમાં સુધારો દેવભૂમિ દેવળીયા તરીકે ફેરફાર કરવાની માંગ સરપંચ ભાવનાબેન સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવીને કરી છે.

### જગતાત ગણાતા ખેડુતો રાતા પાણીએ રોઈ રહ્યા છે

## સાવરકુંડલા પંથકનાં ખેડૂતોની પ્રતિ મણ ડુંગળીની પડતર રૂપિયા ૨૦૦ અને સરેરાશ વળતર મળે રૂપિયા ૧૧૦

### તાલુકા ભાજપ પ્રમુખ ચેતનભાઈ માલાણીએ કૃષિમંત્રીને પત્ર પાઠવી સહાય જાહેર કરવાની કરી માંગ

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ચેતન માલાણીએ રાજયનાં કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલા વિસ્તારમાં ડુંગળીનું વાવેતર મોટા પ્રમાણમાં ખેડુત દ્વારા કરવામાં આવેલ છે. હાલ ડુંગળીનો તૈયાર થઈ માર્કેટયાર્ડ વેચાણ અર્થે લઈ જવામાં આવે છે. પરંતુ હાલ ડુંગળી પ્રતિ ૨૦ કીલો રૂા.૭૦ થી ૧૩૦ આસપાસ હરરાજીમાં વેચાણ થાય છે. જે ભાવો ઉત્પાદન ખર્ચ કરતા પણ ઓછા ગણાય. કારણ કે ડુંગળી પકવતા ખેડુતોએ મોંઘા ભાવના બિયારણો અને રા.ખાતરો લાવી વાવેતર કર્યુ હોય છે. અને ત્યાર બાદ જંતુનાશક દવાઓ, મજુરી, ખર્ચ, વિ. પાછળ પણ મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવ્યું હોય છે. આ સિવાય ચાલુ વર્ષ વાતાવરણ પ્રતિકુલ હોવાથી ઉત્પાદન પણ ઓછુ આવેલ છે. એટલે ખેડુતોને પ્રતિ ૨૦ કિલો રૂા.૨૦૦ આસપાસ પડતર થાય છે. અને માર્કેટમાં ડુંગળીના ભાવો પડતર કરતા પણ રૂા.૧૦૦ ઓછા મળે છે. એટલે નફો તો દુરની વાત છે. પડતર ખર્ચ પણ ઉભો થતો નથી. જેના કારણે ખેડુતોની આર્થીક હાલત દયનીય બની છે. હાલ ઉનાળાની સિઝન હોય ખુબ ઉચા તાપમાનને કારણે તેનો સંગ્રહ કરી શકતા નથી. બીજુ ખેડુતો પાસે પોતાનાં ગોડાઉનનો કે સ્ટોરેજની સુવિધા પણ ન હોવાથી માલનો સંગ્રહ કરી શકતા નથી. ભાડુ રાખવુ આર્થીક રીતે પરવડે તેમ નથી. જેથી નીચા ભાવે ડુંગળી વેચવા માટે મજબુર બનવું પડે છે. જેના કારણ જગતના તાતને રાતા ' 'રાતા પાણીઓ રોવાનો વારો આવ્યો'' જેવી સ્થિતી છે.

આમ ડુંગળી પકવતા ખેડુતોની ઉપરોકત સ્થિતિ થયેલ છે. જેથી ડુંગળી પકવતા ખેડુતો માટે આર્થીક પેકેઝ/સહાય જાહેર કરવા અંતમાં માંગ કરેલ છે.

## સાવરકુંડલાની મધ્યમાં બિરાજતા શ્રી કુંડલપુર હનુમાનજી પાટોત્સવ આજે ઉજવાશે

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરની તમામ મધ્યમાં જ બિરાજતા પૌરાણિક કુંડલપુર હનુમાનજી મહારાજનો પાટોત્સવ આજ તારીખ ૧૯/૪/૨૫ને શનિવારના રાત્રે સહુ ધર્માનુરાગીને માટે ભોજન પ્રસાદનું આયોજન અમરેલી રોડ પર આવેલી એલજી વાડી ખાતે કરવામાં આવ્યું છે જયારે રાત્રે કુંડલપુર હનુમાનજી મંદિર ખાતે રાત્રે ૯ કલાકથી બગસરાના પ્રસિધ્ધ મંડળ દ્વારા ભકિતસભર સંગીતશૈલીમાં સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે તા. ૨૦/૪ અને રવિવારે સવારે મંદિર ખાતે ૮:૦૦ કલાકે ધ્વજારોહણ ૯:૦૦ કલાકે મહાપુજા અને સવારના ૯ થી સાંજના ૪:૩૦ હોમાત્મક યજ્ઞ યોજાશે જેમાં ૪:૩૦ કલાકે બીડુ હોમાશે સમગ્ર ધાર્મિક કાર્યક્રમમાં આમંત્રિત સંતો મહંતો પધારવાના હોય કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત કરસનગીરીબાપુ, લઘુમહંત બાવબાપુ અને દર્શન ગીરીબાપુ દ્વારા સેવક સમુદાયને ધર્મલાભ લેવા પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યા છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦










ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



# દામનગર શહેરમાં ભવાની જેમ્સનાં મોભી ભામાશા મનજીભાઈ રૂડાભાઈ ધોળકીયા પધાર્યા






દામનગર શહેરમાં ભવાની જેમ્સના મોભી ભામાશા મનજીભાઈ રૂડાભાઈ ધોળકિયા પધાર્યા ઉદારદિલ દાતા ઉદ્યોગ રત્ન મનજીભાઈ નું દામનગર પટેલ વાડી ખાતે આગમન થતા સમસ્ત લેઉવા પટેલ પ્રગતિ મંડળ પટેલ વાડી ખાતે ઉષ્મા ભર્યું સ્વાગત સત્કાર કરતા સમસ્ત લેઉવા પટેલ સમાજ ના અગ્રણી જવેરભાઈ નારોલા હરજીભાઈ નારોલા ભગવનભાઈ નારોલા અમરશભાઈ નારોલા પવન જેમ્સના મોભી પ્રેમજીભાઈ નારોલા, દેવચંદભાઈ આલગિયા, દિલીપભાઈ ભાતિયા, ભીમજીભાઈ વાવડીયા, મનસુખભાઈ નારોલા, જયતિભાઈ નારોલા, ભોળાભાઈ બોખા, લાલજીભાઈ નારોલા, કરમશીભાઈ કાસોદરિયા, જયસુખભાઈ બુધેલીયા, જીતુભાઈ બલર, સચિનભાઈ બોખા, રણછોડભાઈ બોખા, ગોબરભાઈ નારોલા, ઈશ્વરભાઈ નારોલા, જયંતીભાઈ ખોખરીયા, અશોકભાઈ બાલધા, કરમશીભાઈ બુધેલીયા, વિનુભાઈ નારોલા, ઘનશ્યામભાઈ મોતીસરિયા, આર. કે નારોલા, હિમતભાઈ આલગિયા, કનુભાઈ બોખા, બટુકભાઈ શિયાણી, ગણેશભાઈ નારોલા સહિત અનેક અગ્રણીઓ કાર્યકરો લેઉવા પટેલ સમાજ શ્રેષ્ઠિ ઓની ઉપસ્થિતિ માં પટેલ વાડીના નવીનીકરણના પ્લાન એસટીમેન્ટ નિહાળી આર્થિક મદદની તૈયારી દર્શાવી હતી વર્ષો પૂર્વે વાડી નિર્માણમાં પાયાના પથ્થર મનજીભાઈ રૂડાભાઈ ધોળકિયા એ જૂની સ્મૃતિ ઓ વાગોળી આગેવાનો ને યાદ કર્યા હતા દામનગર શહેરમાં થતી અનેક વિધ સેવા પ્રવૃત્તિ થી પૂર્ણ અવગત હોવાનુંજણાવ્યુ હતુ અહીં ખૂબ સ્વંયમ સેવી કાર્યકરોની ફોજ હોવા થી પરિચત છું તેમ જણાવ્યું હતું પટેલ વાડીના જીર્ણોદ્ધાર અંગે પ્લાન એસ ટી મેન્ટ નિહાળી જરૂરી સૂચનો કર્યા હતા આવતા ભવિષ્ય ની દુરંદેશી ૫૦ વર્ષ પછી ની જરૂરિયાતો ને ધ્યાને લઈ માર્ગદર્શન આપ્યું હતું વર્ષો પૂર્વે વાડી નિર્માણ માં મનજીભાઈ ધોળકિયા એ પોતા ના માતા પિતા અને પરિવાર ના નામે આપેલ યોગદાન અને પોતા ના સગા સ્નેહી ઓના યોગદાનની નોંધ તકતી ઓ નિહાળી દાતા ની દિલેરી ની સુંદર નોંધ બદલ ખુશી વ્યક્ત કરી હતી ત્રીસ વર્ષ જૂનો વાડી ની ઓફીસ માં ભવાની જેમ્સ દ્વારા પ્રસિદ્ધ કેલેન્ડર તસ્વીર જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી હતી પટેલ વાડીના દરેક વિભાગો વ્યવસ્થા નિહાળી હતી સ્થાનિક અગ્રણી ઓની મહેનત સમાજ પ્રત્યેની ઉદાત ભાવના બદલ આભાર વ્યક્ત કર્યો હતો દામનગર સાથે વર્ષો થી ઘનિષ્ટ ઘરોબો ધરાવતા ઉદારદિલ દાતા મનજીભાઈ ધોળકિયાના આગમન ની જાણ થતાં સમગ્ર શહેર ભર માંથી સમસ્ત લેઉવા પટેલ સમાજના અગ્રણી ઓ યુવાનો હાજરી આપી ભામાશા ને શુભેચ્છા પાઠવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું
## ગૌચર જમીન બચાવવાનો પ્રયાસ

પરિવારની જાહેરમાં મામાનહાની થાય કે ખોટા કેસમાં ફસાવવામાંઆવે તે પહેલા તેમણે અમરેલી જિલ્લા કલેકટર તેમજ મુખ્યમંત્રી અગ્ર સચિવ. ગૃહમંત્રી અગ્ર સચિવ સુરત કમિશનરે મામલતદાર જાફરાબાદ તેમજ એસપી કચેરી અમરેલી અને નાગેશ્રી પોલીસ સ્ટેશનને પત્ર લખી તાત્કાલિક જાણ કરી અને પોતાની સુરક્ષાના સવાલો ઉઠાવ્યા છે ચંદ્રેશભાઇ પોતે સામાજિક રીતે સરળ હોય અને આજ દિન સુધી તેમણે કોઈ પણ ગુનાહિત પ્રવૃત્તિ કરી નથી અને તેમની ઉપર એક પણ ફરિયાદ કે કેશ નોંધાયેલ નથી તેમજ તેમણે પણ કોઈ લોકોને ખોટી રીતે હેરાન કરેલ જાણવા મળેલ નથી ત્યારે આહળાહળ કળિયુગમાં આવા સામાજિક યુવાનો ગામના વિકાસ માટે કામ કરતા હોય ત્યારે તેમનો અવાજ દબાતા જો સુરક્ષાનો સવાલ હોય તો ખેડૂતો લોકોનો અવાજ ગામડે ગામડેથી કોણ બનશે તેનો સવાલ આજે થઈ રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સમાજમાં ભય ફેલાવનાર

છે કે, દામનગર શહેર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા અને દામનગર નગરપાલિકાનાં ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન દલોલીયાના પતિ અતુલભાઈ લાલજીભાઈ દલોલીયા કે જેઓ ધ્વારા સમાજમાં ભય અને અરાજકતા ફેલાવી અને મારામારી કરીને સામાજિક વ્યવહારમાં પાર્ટીની છબી ખરડાઈ તેવું કૃત્ય આચરેલ હોય, જે બદલ અમરેલી જિલ્લા ભાજપ તેઓને તેમના પ્રાથમિક અને સક્રિય સભ્યપદેથી ૬ વર્ષમાં સસ્પેન્ડ કરે છે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીની ૧૦૦ વર્ષ પુરાણી ઈમારતનો

ખાદી પ્રદર્શન , રેટિયાઘરનું ઉદઘાટન, રાષ્ટ્રીય શાળાની મુલાકાતો જેવા કાર્યક્રમોનું આયોજન થતું હતું. લાયબ્રેરી ચોકમાં સ્વદેશી ચિજવસ્તુ જ વાપરવાની ઝુંબેશની શરૂઆત કરવામાં આવી હતી.

આવાલીબાઈ થતા જયાંવતીબાઈ પ્રાર્થના મંદિર, પુસ્તકાલયનું ખાતમુર્હત ગાંધીજીના હસ્તે ૧૯૨૫ માં કરવામાં આવ્યું હતું. જયા આગળ જતાં આવકવેરા ઓફીસ (ગર્લ્સ સ્કૂલ રોડ) બની હતી.

અમરેલી અખાડા ટીમના ૨૦થી વધુ લોકો ગાંધીજી સાથે મીઠાના સત્યાગ્રહમાં જોડાયા હતા.

સમગ્ર ભારત દેશમાં માત્ર ૩ થી ૪ જગ્યાએ અતિ અલભ્ય એવા ગાંધીજીના અસ્થિ કળશ રાખવામાં આવ્યા છે એમાંનો એક અસ્થિ કળશ અમરેલી ગિરધારલાલ સંગ્રહાલય (બાલભવન) ખાતે ઉપલબ્ધ છે.

અમરેલી શહેરમાં ગાંધી નામ સાથે જોડાયેલ જાહેર સ્મારકોમાં ગાંધીબાગ – ગાંધીજીની ૩ પ્રતિમા અને એક મહાત્મા ગાંધી રોડનો સમાવેશ થાય છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં જળાશયની ઝાડી સહિત

અમરેલીની એડી.સેશન્સ કોર્ટ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલો અને પુરાવાના આધારે સ્પે. ન્યાયાધીશ દ્વારા આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧ લાખના દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા આદેશ કર્યા હતો.

આ બનાવમાં જસદણ તાલુકાના વિસ્તારના એક ગામે રહેતી એક ૧૪ વર્ષ અને ૪ મહિનાની ઉંમર ધરાવતી સગીર વયની તરૂણીને અમરેલી ચિતલ રોડ ઉપર આવેલ સર્વોદય સોસાયટીમાં રહેતા આરોપી આશીષ રાજુભાઈ ચૌહાણ નામના ઈસમે તરૂણીનો ઈન્ટાગ્રામમાં કોન્ટેક કરી, ત્યાર બાદ વોટ્સએપ મેસેજ તથા ફોનમાં અવાર નવાર વાતચીત કરી તરૂણીને જે જોઈએ તે વસ્તુ લઈ આપશે તેવી વાલચ આપી ગતતા.૨૯/૧૦/૨૨ના રોજ વિરનગરથી અમરેલી ખાતે બોલાવી આરોપી આશિષ અને તેમનાં મિત્રનાં મોટર સાયકલમાં બેસાડી લઈ જઈ એક વખત અમરેલી ડેમ પાસે ઝાડીમાં તેમજ બીજી વખત આશીષના મિત્રના ઘરે લઇ જઈ એમ બે વખત આરોપી આશિષે તરૂણીની સાથે તેણીની સંમતી વગર, બળ જબરી પૂર્વક શરીર સંબંધ બાંધેલ હતો. આ અંગે જે તે સમયે બે આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની એડી.સેશન્સ કોર્ટ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો અને પુરાવાના આધારે સ્પે. ન્યાયાધીશ ડી.એસ. વાસ્તવ દ્વારા આરોપી આરોપી આશીષ રાજુભાઇ ચૌહાણને આઇ.પી.સી. કલમ ૩૭૬ (૩) તથા પોકસો એક્ટ કલમ ૬,ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧ લાખના દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા આદેશ કર્યા હતો.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 008

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ

જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસીલેન્સ

સંકુલની જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ પસંદ કરો

સંકુલમાં સરકારશ્રી દ્વારા ઓનલાઈન પ્રવેશ મેળવો

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ


પાના ૮ ઉપરનું ચાલું
## ચલાલા–હુડલી માર્ગ

કરવા છતા રોડ નહી બનતા આજે બપોરના ધોમધોકતા તાપમા સંરપચ, ઉપસરપંચ, પુર્વસરપંચ સહીતના મોટી સંખ્યામાં ગ્રામજનો રોડ પર ઉતરી આવી ઈલેક્ટ્રોનિકસ અને પ્રિન્ટ મીડિયાને હુડલી ગામે બોલાવી ભાંગલ તુટેલ રોડ બાબતે ખુબ જ આક્રોષથી ધારાસભ્ય જે વી કાકડીયા અને તંત્ર સામેની ફરિયાદ સાથે રજુઆત કરવામા આવી હતી.

ગ્રામજનોના કહેવા મુજબ ગત લોકસભાની ચૂંટણી ટાઈમે ભંગાર રોડ બાબતે મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે ધારાસભ્ય અને તંત્ર દ્વારા સમજાવટ કરી તમારો રોડનું કામ એક મહીનામાં ચાલુ થઈ જાશે તેવી ખાત્રી આપતા ગ્રામજનોએ મતદાન કર્યુ હતુ. છેલ્લા પંદર વર્ષથી અહી ડામર રોડ બન્યો જ નથી. પુર્વ સરપંચ ગીરધરભાઈ સભાયાએ જણાવ્યુ હતુ કે હુ છેલ્લા આઠ વર્ષથી તંત્રને અને ધારાસભ્ય જે.વી. કાકડીયાને લેખીત અને મૌખીક રજુઆત કરી છે. અમારા ગામમા દિકરી દિકરાના લગ્નમા કોઈ જાન લઈ આવવા કોઈ ખુશી નથી. તેમજ કોઈ સારા સંબધી પણ આવતા નથી. હુ ભારતીય જનતા પાર્ટીનો ધારી તાલુકા કિસાન મોરચાનો પ્રમુખ હતો. ગ્રામજનોએ મને એવુ કીધેલ કે તમારે ગામ ભેગુ રહેવુ છે કે ભાજપમા મે મારા હોદા પરથી રાજીનામુ આપી હું ગામની સાથે છુ. હુડલી ગામના અગ્રણી દિનેશભાઈ ગેલાણીએ જણાવેલ હતુ કે ચુંટણી ટાઈમે સસંદ સભ્ય અને ધારાસભ્ય લોલીપોપ આપી મત લઈ જીતીને જતા રહેછે. પછી કોઈ માયનો લાલ દેખાતો નથી. વધુમા તેઓએ જણાવેલ કે અમો જાહેરમા ધારાસભ્ય જે વી કાકડીયાને જણાવીએ છીએ કે તમો આઠ દિવસમા અમારા રોડનુ કામ ચાલુ કરી દયો નહીતર રાજીનામુ આપી દયો અમારા ગામમા કોઈ બીમાર પડે તો ૧૦૮ અને એમ્બ્યુલન્સ પણ આવતી નથી. અને આવે તો બીજા ગામો ફરીને આવે તો એક કલાક જેવો સમય લાગી જાય છે. ધારાસભ્ય જે વી કાકડીયા ચુંટણી લડતા હતા ત્યારે શીવાલય ચોકમા ઉપસ્થિત તમામ ગ્રામજનોને વચન આપ્યુ હતુ કે હુ જીતીશ તો એક મહિનામા તમારા ગામના રોડનુ કામ ચાલુ થઈ જાશે પણ ત્યાર પછી કોઈ દિવસ ગામમા ડોકાણા નથી. પ્રાંત અધિકારી અને મામલતદાર પણ અમોને લોલીપોપ આપી પછી દેખાયા નથી. આ ભાજપ સરકાર લોલીપપની સરકાર છે. ઉપ સરપંચ મંગળુભાઇ વાળાએ જણાવેલ કે છેલ્લા ૬ મહીનાથી તો ધારાસભ્ય કહેશે ટેન્ડર થઈ ગયુ છે. જોબ નંબર પણ અપાઈ ગયો છે..આવી રીતે અમોને ઉલ્લુ બનાવે છે. પણ રોડનું કામ ચાલુ થાતુ નથી. સરપંચ નાનજીભાઈ ખીમાભાઈ સોંલકીએ જણાવેલ કે મે સહીત તમામ ગામના આગેવાનોએ તંત્ર અને ધારાસભ્યને રોડ બાબતે વારંવાર રજુઆત કરી હવે અમો ઠાકી ગયા છીએ. અમારી ધીરજ હવે ખુટી ગઈ છે. નવો રોડ તો ઠીક ઠીંગડા પણ મારતા નથી તેમજ અમારા ગામના દસ બાર વર્ષના દિકરા દિકરીઓએ કદી એસ.ટી. બસના દર્શન પણ કર્યા નથી. તેમજ ખેતીની લાઈટ, ભુંદડા, રોજડા અને રેશનીંગનો પણ ગંભીર પ્રશ્ન છે. તેમજ સરપંચે જણાવેલ છે કે અમો આખા ગામના ગ્રામજનોએ સાથે રહી એક સંપથી ઠરાવ કર્યો છે. જો દસ દિવસમા અમારો રોડ ચાલુ નહી થાય તો ધારાસભ્ય સામે મામલતદાર ઓફીસે ધારી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરીશુ. અંતમા તેઓએ એવુ જણાવેલ કે ધારાસભ્યએ અમોને એવુ જણાવેલ છે કે ગત ચુંટણીમા તમારા ગામમાથી ભાજપને મતો ઓછા મળેલ હતા એટલે રોડ નહી થાય. રોડને લઈને તમામ ગ્રામજનોમા ધારાસભ્ય અને તંત્ર સામે ભારે રોષ જોવા મળેલ છે. અને બધા એકસંપ થઈને લડી લેવાના મુડમા છે. જયારે આજે દેશના વિકાસની વાતો તો વિદેશમાં પણ થાય છે તો શું ધારી તાલુકાનું હુડલી ગામ કદાચ ભારતમા નહી આવતું હોય. આજે ચંદ્ર ઉપર જાવાની વાત કરતી સરકાર જો માત્ર ગામડાઓની પડતી સમસ્યા અંગે વિચારીને યોગ્ય નિવારણ લાવી શકે તો પણ ઘણું છે હવે જોવાનું રહ્યું કે હુડલી ગ્રામજનો દ્વારા શું ખરેખર ગાંધી ચિંધ્યા માર્ગે જાય છે કે વહીવટ તંત્ર અને નેતાઓ દ્વારા ગામમાં પડતી મુશ્કેલીને દુર કરે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૯૪ | ૧૦૨૬ |
| ૪ | જીરૂ | ૪૦૭૦ | ૪૭૮૦ |
| ૫ | ઘઉં | ૪૫૩ | ૫૩૭ |
| ૬ | ધાણા | ૧૩૩૦ | ૧૫૯૦ |
| ૭ | ચણા | ૧૦૫૫ | ૧૦૯૫ |
| ૮ | તુવેર | ૧૨૬૦ | ૧૩૮૦ |
| ૯ | મેથી | ૯૬૦ | ૧૦૩૦ |
| ૧૦ | એરંડા | ૧૦૬૫ | ૧૧૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૨૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૧૬ | ૧૦૧૬ |
| ૩ | શિંગ મોટી | ૮૪૧ | ૧૦૬૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૭૫૦ | ૧૩૪૨ |
| ૫ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૧૯૦ |
| ૬ | બાજરો | ૫૦૨ | ૫૦૨ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૮૦૦ |
| ૮ | ઘઉં બંસી | ૯૧૨ | ૯૧૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૩ | ૬૬૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૭ |
| ૧૧ | મગ | ૮૦૦ | ૧૬૪૦ |
| ૧૨ | ચણા | ૯૩૫ | ૧૧૦૨ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૭૭ | ૧૨૩૦ |
| ૧૪ | ચણા સફેદ | ૮૯૦ | ૧૩૭૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૨૩૧ | ૧૮૯૦ |
| ૧૬ | તુવેર | ૮૦૦ | ૧૪૧૫ |
| ૧૭ | કપાસ | ૮૦૦ | ૧૫૬૧ |
| ૧૮ | એરંડા | ૯૦૦ | ૧૧૮૩ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૪૬૦૦ |
| ૨૦ | રાયડો | ૯૫૫ | ૯૫૫ |
| ૨૧ | રાય | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૨ | ધાણા | ૧૧૫૦ | ૧૪૭૫ |
| ૨૩ | ધાણી | ૧૦૫૦ | ૧૭૩૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૬ | ૧૪૭૩ |
| ૨ | ચણા | ૧૦૫૫ | ૧૦૭૫ |
| ૩ | જુવાર સફેદ | ૬૭૫ | ૭૧૨ |
| ૪ | એરંડા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૫ | તુવેર | ૧૧૦૧ | ૧૩૦૧ |
| ૬ | બાજરો | ૫૫૦ | ૫૫૦ |
| ૭ | જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૬૦ | ૧૦૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૩૪ |
| ૩ | તલ સફેદ | ૧૮૫૧ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૩૬૦૦ | ૪૬૯૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૫૩૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૭૩૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૦૭૦ | ૧૧૦૫ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૪૧ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૧૫ | મેથી | ૮૯૧ | ૧૧૦૦ |
| ૧૬ | રાય/રાયડો | ૧૦૦૧ | – |
| ૧૭ | ધાણા | ૧૩૫૦ | ૧૭૫૧ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૭૯૦ |
| ૧૯ | અજમા | ૧૪૦૦ | ૧૮૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૪૫ | ૪૭૭ |
| ૨ | ચણા | ૧૦૫૯ | ૧૦૮૪ |
| ૩ | તુવેર | ૧૩૩૬ | ૧૩૬૧ |
| ૪ | ધાણા | ૧૦૦૫ | ૧૨૭૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૬ | કલોજી | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૭ | દાણા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૮ | મેથી | ૮૬૦ | ૮૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૬૫ | ૫૨૫ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૯૫ |
| ૫ | મેથી | ૮૦૦ | ૮૨૫ |
| ૬ | ધાણા | ૬૯૦ | ૧૧૪૦ |
| ૭ | મગફળી | ૭૧૫ | ૮૫૧ |
| ૮ | કાંગ | ૪૦૫ | ૪૦૫ |
| ૯ | જુવાર | ૬૫૯ | ૮૯૦ |
| ૧૦ | તુવેર | ૧૦૪૦ | ૧૩૧૬ |
| ૧૧ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૨ | સોયાબીન | ૭૪૫ | ૮૨૬ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૧૩ | ૧૦૬૫ |
| ૧૪ | તલ સફેદ | ૧૫૫૧ | ૧૯૩૫ |
| ૧૫ | મકાઈ | ૪૯૩ | ૪૯૩ |
| ૧૬ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | શીંગફાડા | ૧૧૭૫ | ૧૧૭૫ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજને ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ પ્રવૃત્તિમાં મળ્યો રાજયપાલ પુરસ્કાર





ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજમાં ભારત સ્કાઉટ એન્ડ ગાઈડની પ્રવૃતિઓમાં શાળાના વિદ્યાર્થી શ્લોક મહેતા તથા હરિબા મહિલા કોલેજની વિદ્યાર્થીની (૧) વૈષ્ણવ મિત્વા (૨) રવૈયા માનસી (૩) માંગરોળીયા નેન્સી (૪) માંગરોળીયા નિધિ (૫) જોષી સંધ્યા (૬) ટેસિયા જેન્સી (૭) માંગરોળીયા યશ્વીએ ભારત સ્કાઉટ એન્ડ ગાઈડની રાજય પરીક્ષા પાસ કરી રાજયના રાજયપાલ મહા મહીમ આચાર્ય દેવવ્રતજીના હસ્તે રાજભવન ખાતે સન્માન મેળવ્યું હતું. આ સન્માન મેળવી તેમણે ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા હરિબા મહિલા કોલેજનું ગૌરવ વધાર્યુ છે. સંસ્થાના વડા પૂ. સંત ડો. રતિદાદાએ સન્માન પ્રાપ્ત કરી પરત આવેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી. આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ સંસ્થાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા શાળાના આચાર્ય શીતલબેન મહેતા અને કોલેજના આચાર્ય ભૂમિકાબેન બાલધા પર અભિનંદનની વર્ષા થઈ હતી.

## આવતીકાલ રવિવારે તાપડીયા આશ્રમનાં મહંત પુ. ઘનશ્યામદાસ બાપુનાં વરદ્ હસ્તે

# બાબરા : નાગરિક બેન્કનાં સ્થાપક સ્વ. ભગુભાઈ ખખ્ખરના તૈલિ ચિત્રનું અનાવરણ

**શહેરનાં નાના-મોટા વેપારીઓના હિતમાં દાયકાઓ પહેલા નિર્ણય કરવામાં આવ્યો હતો**

**લોહાણા સમાજના અગ્રણી ભગુભાઈ ખખ્ખરે ૪૧ વર્ષ પહેલા બેન્કની કરી હતી સ્થાપના**

**બોર્ડ ઓફ ડિરેકટર દ્વારા બેન્કનાં સ્થાપકની યાદમાં તૈલિ ચિત્રનુ સ્થાપવાનુ કર્યુ નક્કી**

**બેન્કનાં ચેરમેન હસમુખ પોપટ સહિતના બોર્ડ ઓફ ડિરેકટરના નેજા હેઠળ તડામાર તૈયારીઓ**

બાબરા,તા. ૧૮

બાબરામાં શહેરની નામાંકિત અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા નાગરિક બેન્કની સ્થાપના આશરે ૧૯૭૯ના રોજ શહેરના લોહાણા જ્ઞાતિના અગ્રણી અને પીઢ સહકારી અગ્રણી ભગુભાઈ ખખ્ખર દ્વારા કરવામાં આવી હતી શહેરના નાના-મોટા વેપારીઓ તેમજ દરેક વર્ગને નાગરિક બેન્ક આર્થિક રીતે ઉપયોગી થઈ શકે તેવા શુભ હેતુ સાથે આ બેંકની સ્થાપના કરવામાં આવી હતી આજે તેમના અવસાન ના ૪૧ વરસ બાદ તેમના ફોટાનું તૈલ ચિત્ર નાગરિક બેંકના વર્તમાન ચેરમેન હસુભાઈ પોપટ તેમજ બોર્ડ ડિરેકટર દ્વાર બનાવી અનાવરણ કરવાનો નિર્ણય કરવામા આવતા શહેરના લોકો તેમજ સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

આગામી રવિવારે ને ૨૦ એપ્રિલે સાંજના ૬ કલાકે તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુના હસ્તે તૈલચિત્રનું અનાવર કરવામાં આવશે આ તકે સ્વર્ગસ્થ ભગુભાઈ ખખખર નો પરિવાર તેમજ ખાદીધારી સ્વર્ગસ્થ વિઠલભાઈ પટેલ ના પરિવાર તેમજ શહેરના જુના અગ્રણી વેપારી સ્વર્ગસ્થ ડાયાભાઈ કંસારાના પરિવાર તેમજ શહેરના સામાજિક રાજકીય તેમજ વેપારીઓ અગ્રણીઓ અને બેંકના પુર્વ ચેરમેન ડિરેકટર તેમજ નાગરિક બેન્ક માં જેમની સેવાઓ બોલે છે એ તમામ કર્મચારીઓ પણ ઉપસ્થિત રહેશે કાર્યક્રમ બાદ મહાભોજનનો કાર્યક્રમ પણ રાખેલ છે જેમાં મોટી સંખ્યામાં સભાસદો અને શહેરના લોકો લાભ મેળવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિક બેંકમાં વર્તમાન નવી બોડી બેસી તેને આશરે ૬ મહિનામાં શહેર ની સહકારી સંસ્થા નાગરિક બેન્કનો વિકાસ જોવા મળી રહ્યો છે જેમાં સૌ પ્રથમ નાગરિક બેન્ક ને કલર કામ સહિત આખી રીનોવેટ કરવા તેમજ સભાસદો માટે લોનમાં વ્યાજદરમાં રાહત સહિત અનેક કામગીરી કરવામાં આવી રહી છે આગળ પણ હજુ અનેકવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવશે તેમ બેંકના બોર્ડ ઓફ ડિરેકટર દ્વારા જણાવ્યું હતું.

બેંકના ચેરમેન હસુભાઈ પોપટે જણાવ્યું હતું કે બેંકના આદ્ય સ્થાપકના નિધન બાદ વર્ષો બાદ અમારી




બોડી દ્વારા તેમના તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે અમે હર્ષની ગૌરવ લાગણી અનુભવી રહ્યા છીએ અને તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

### કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગની આગાહી

## ગુજરાતમાં ૨૪ જિલ્લામાં બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે

**રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી**

અમદાવાદ,તા.૧૮

ગુજરાતભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે હવામાન વિભાગે આજે શુક્રવારે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) કચ્છ અને રાજકોટ જિલ્લામાં હીટવેવનું યલો એૅલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યમાં આગામી ૭ દિવસ ગરમી અને ભારે પવનને લઈને આગાહી કરી છે. જેમાં આવતીકાલે શનિવાર અને રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી કરી છે. તેવામાં રાજ્યભરના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ ૨ દિવસમાં ૨-૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે આવતીકાલે શનિવારે અમદાવાદમાં ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ જોવા મળી શકે છે, ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે. જેમાં ૧૯-૨૦ એપ્રિલના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, આણંદ, ખેડા, મહીસાગર, દાહોદ, અરવલ્લી જિલ્લાના ધૂળની ડમરી ઉડે તેવો પવન રહેશે. જ્યારે ૨૧ એપ્રિલના રોજ રાજ્યમાં હવામાન શુષ્ક રહેવાની આગાહી છે. આ પછી ૨૨ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળુ હવામાન રહેશે. જ્યારે આવતીકાલથી બે દિવસ પવન ફૂંકાવવાની આગાહી છે, ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

રાજયના વિવિધ સ્થળોએ આજે શુક્રવારે સવારના ૮:૩૦ વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ મહત્તમ તાપમાન કંડલા એૅરપોર્ટમાં ૪૪.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભુજમાં ૪૧.૪ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૩.૩ ડિગ્રી, રાજકોટમાં ૪૨.૯ ડિગ્રી, ડીસામાં ૪૦.૨ ડિગ્રી, અમદાવાદમાં ૪૧.૮ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, અમરેલીમાં ૪૨.૫ ડિગ્રી, વડોદરામાં ૩૯.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

### સામૂહિક આપઘાતમાં ૩ના મૃત્યું

## સુરતના કામરેજની તાપી નદીમાં પરિવારનો સામૂહિક આપઘાત

**આર્થિક સંકડામણના લીધે એક પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હોવાની માહિતી**

સુરત, તા. ૧૮

સુરતના કામરેજ વિસ્તારમાં આજે સવારે એક હચમચાવતી ઘટના સામે આવી છે. ગલતેશ્વર મહાદેવ મંદિર નજીક તાપી નદીમાંથી ત્રણ સભ્યોના મૃતદેહ મળ્યા છે. પોલીસે ઘટનાને હૃદયદ્રાવક ઘટનાની સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. મૃતકોમાં માતા-પિતા અને પુત્ર સામેલ છે. આર્થિક સંકડામણના લીધે એક જ પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

ગુજરાતમાં સામૂહિક આપઘાતના કેસો વધી રહ્યા છે, ત્યારે વધુ એક પરિવારે સામૂહિક આપઘાત કર્યો હોવાની પોલીસને આશંકા સેવાઈ રહી છે, સુરતની તાપી નદીમાં એક જ પરિવારના ૩ના ડૂબતા મૃત્યુ થયા છે બ્રિજ પરથી કૂદીને આપઘાત કર્યો હોઈ શકે છે ત્યારે ફાયર વિભાગે ત્રણેય મૃતદેહને બહાર કાઢયા છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, વહેલી સવારે મૃતદેહ તરતા હતા એટલે ફાયર વિભાગને કોલ મળ્યો અને પોલીસને પણ જાણ કરવામાં આવી, પોલીસ પરિવારના અન્ય સભ્યોનો સંપર્ક કર્યો છે અને મૃતદેહનું પીએમ થશે એટલે મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

પરિવારના સભ્યો સુરતના હોવાની વાત સામે આવી છે અને પોલીસે પરિવારના સભ્યોના નિવેદન પણ લીધા છે,તો મૃતકોના ફોન જપ્ત કર્યા છે અને તેના આધારે તપાસ કરાઈ રહી છે ત્યારે પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો મૂળ સૌરાષ્ટ્રના છે અને હાલ સુરતમાં રહેતા હતા. મૃતક વિપુલભાઈ હીરાના ધંધા સાથે સંકળાયેલા હતા અને આર્થિક સંકડામળના પરિવારે આત્મહત્યા કરી છે.

### લાઠીનાં કેરિયા ગામે બિરાજમાન

## શ્રી રામનાથ મહાદેવને બરફનો અભિષેક કરાયો

**ગરમીનાં માહોલમાં કરાયો અભિષેક**



બાબરા, તા. ૧૮

લાઠી તાલુકાના કેરિયા મુકામે સ્વયંભુ બિરાજતા રામનાથ મહાદેવની નિત્ય પૂજન અર્ચન કરતા પ્રવીણગીરી ગોસ્વામી દ્વારા જણાવ્યું હતું કે અહીં કોઈ ભાવિક દ્વારા મહાદેવને બરફ અર્પણ કરી અભિષેક કરવામાં આવ્યો છે તેઓ મંદિરે આવ્યા બપોર બાદ ત્યારે જાણ થઈ કે આકરા તાપ અને ગરમીમાં મહાદેવને પર બરફ અર્પણ કરેલ છે અહીં મંદિરે રોજના ઘણા ભાવિકો બહારથી દર્શન કરવા આવે છે ત્યારે આ તાપમાનમાં ભગવાન શિવને કોઈ ભાવિક ભકત દ્વારા બરફ ચડાવી ઠંડક આપવાનો પોતાનો ભાવ પ્રગટ કર્યો હશે.

## બાબરાનાં ઘૂઘરાળા ગામે સોમવારે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

બાબરા,તા.૧૮

બાબરા તાલુકાના ઘૂઘરાળા ગામે આગામી ૨૧ એપ્રિલને સોમવારના રોજ ઘૂઘરાળા નિવાસી સમસ્ત જેબલિયા પરિવારના કુળદેવી રાજરાજેશ્વરી શ્રી મોમાઈ માતાજીના મંદિર નવ નિર્માણ નિમિતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ હવન મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાશે. અહી સવારે આઠ કલાકે હવન અને ૧૧ કલાકે માતાજીની પાલખીયાત્રા અને પ્રતિષ્ઠા વિધિ અને મહાપ્રસાદ સહિતના કાયક્રમો યોજાશે.

## અમરેલીમાં આજે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયા વિસ્તારમાં ઝેરોક્ષ, ફેકસ મશીનનો ઉપયોગ પ્રતિબંધિત

અમરેલી, તા.૧૮

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ને રવિવારના રોજ અમરેલી જિલ્લામાં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ-૨ પરીક્ષા-૨૦૨૫નું આયોજન છે.

જિલ્લામાં અમરેલી શહેર સ્થિત દિપક હાઈસ્કુલ (રૂપાયતન) ચિત્તલ રોડ, ગાયત્રી મંદિર, ટી.પી. અને શ્રીમતી એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ, (ચિત્તલ રોડ તરફ જતાં) નાગનાથ મંદિર પાસે, કે.કે. પારેખ મહેતા આર.પી. વિદ્યાલય (લીલાવતી) સિવિલ હોસ્પિટલની બાજુમાં, જિલ્લા પંચાયત રોડ, એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, બસ સ્ટેન્ડ રોડથી તાલુકા પંચાયત તરફનો રસ્તો, સ્ટેશન રોડ, ઓક્સફોર્ડ સ્કુલ ઓફ સાયન્સ, કેરિયા રોડ, લાઠી રોડ ખાતેના વિદ્યાસભા કેમ્પસ – સ.વી.ગજેરા સેકન્ડરી સ્કુલ ખાતે આ પરીક્ષાના કેન્દ્રો છે.

જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શિપણા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. આગમી તા.૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયા વિસ્તારમાં આવેલા ઝેરોક્ષ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનનો ઉપયોગ પ્રતિબંધિત છે.

પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુ ટુથ, ઈઅર ફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર અને પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદની અંદરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં થવાં પ્રતિબંધિત છે. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત્ત વ્યકિત સિવાય અનઅધિકૃત્ત વ્યકિતના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે પરીક્ષા સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડિંગમાં લઈ જઈ શકશે નહિ. અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે પરંતુ મોબાઈલ જે-તે સંસ્થાના આચાર્યના રૂમમાં, સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ. પરીક્ષા સ્થળના આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકર ઉપયોગ પર પ્રતિબંધિત રહેશે.

પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર સીલ કરીને રાખવાના રહે, જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવું.

આ હુકમ તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ કલાક સુધી અમલી રહેશે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાપાત્ર છે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી સંબંધિત દરેક પરીક્ષાના કેન્દ્રના કેન્દ્ર સંચાલકઓ તથા અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત્ત કરવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ, સંચાલનના કામ માટે ફરજ પર રોકાયેલા અધિકારીઓ, કર્મચારીઓ, જાહેર માર્ગ પર પસાર થતાં વાહનોમાં બેસેલા મુસાફરો, સ્થાનિક સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, તાલુકા મામલતદારને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવી છે.

## અમરેલીનાં એસ.ટી. કર્મચારીએ પ્રમાણીકતાનું ઉદાહરણ પુરૂ પાડયુ



અમરેલી, તા.૧૮

અમરેલીના એસ.ટી.ના વિભાગય યંત્રાલય ખાતે આવેલ એક એસ.ટી.બસની સફાઈ તથા વોશિંગની કામગીરી દરમિયાન મિકેનિક હેલ્પર વિપુલભાઈ આર.મીઠાપરાને એસ.ટી.ના વાહન નં જીજે ૧૮ ઝેડ ૭૨૪૭માંથી એક પર્સ મળેલ હતું. જે પર્સમાં રોકડા રૂપિયા ૨૫૦૦ તથા એક એ.ટી.એમ. કાર્ડ, પાનકાર્ડ, કેડિટકાર્ડ, ચુંટણીકાર્ડ તથા બીલ મળી આવેલ હતું. તે પર્સ તેમના મૂળ માલિકને શોધી પરત આપી એસ.ટી.ના સનિષ્ઠ કર્મચારી તરીકેની કામગીરી કરી અને એસ.ટી. નિગમની પ્રતિષ્ઠામાં વધારો કરેલ છે.

# રાજુલામાં યાદવ યુવા ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



ઈમરજન્સી સમયે રકતની જરૂરિયાત અનેક દર્દીઓને પડતી હોય છે જે ઉણપ દૂર કરવાના ભાગરૂપે યાદવ યુવા ગ્રુપ રાજુલા દ્વારા આહિર સમાજની વાડી ખાતે સ્વ.દિપકભાઈ અરજણભાઈ જીંજાળાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવતા ૮૨ રકતદાતાઓએ રકતદાન કરીને ખરા અર્થમાં માનવતા મહેકાવી હતી. સ્વ.દીપકભાઈના ધર્મપત્ની મંજુલાબેન જીંજાળા અને મોટાભાઈ જશુભાઈ જીંજાળા દ્વારા બ્લડ ડોનેટ કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવતા રકતદાન કેમ્પમાં યાદવ યુવા ગ્રુપના પ્રમુખ પ્રવિણભાઈ જીંજાળા, પૂર્વ પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, બળુભાઈ મકવાણા અને અરવિંદભાઈ વાણિયા સહિતના તમામ સભ્યઓ દ્વારા ખડેપગે હાજર રહી ૮૨ યુનિટ બ્લડ એકત્રિત કરી નવકાર ચેરીટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરી સાચા અર્થમાં તિથિની ઉજવણી કરાઈ હતી. રકતદાન કેમ્પમા ઉષામૈયા, વાલદાસબાપુ, અશોકબાપુ, હરનામપૂરી બાપુ, રાજુલા આહિર સમાજ પ્રમુખ દિલીપભાઈ જીંજાળા, મંત્રી ધીરૂભાઈ જીંજાળા, ડો.જે.એમ. વાઘમશી સાહેબ, બાબુભાઈ જાલોંધરા, પીઠાભાઈ નકુમ, શુકલભાઈ બલદાણીયા, હિંમતભાઈ જીંજાળા, ઘનશ્યામભાઈ વાઘ, ધીરૂભાઈ નકુમ, ડો. વિનુભાઈ કલસરીયા, ડો. નિલેશભાઈ કલસરીયા, ડો. હિતેષભાઈ હડિયા, ઘનશ્યામભાઈ જીંજાળા, મનસુખભાઈ નકુમ, ભરતભાઈ કલસરીયા, નાગજીભાઈ જીંજાળા અને ગાંગાભાઈ હડિયા સહિતના અગ્રણીઓ દ્વારા હાજર રહી કેમ્પને સફળ બનાવેલ અને યાદવ યુવા ગ્રુપ દ્વારા સમાજના સહયોગ સાથે નિષ્પક્ષ રીતે લોકકલ્યાણ અર્થે કરાતી કામગીરીની પ્રશંસા કરેલ તેમજ એકત્રિત થયેલ બ્લડ સગર્ભા માતાઓ, લોકો અને બાળકોને ઈમરજન્સીના સમયે સરળતાથી મળી રહે તેવા પ્રયત્નો થકી આગળ પણ આવા કાર્યક્રમોનું આયોજન કરવામા આવનાર હોવાનુ જશુભાઈ જીંજાળાની યાદીમાં જણાવેલ છે.





## શહેરીજનો પરિવાર સાથે આનંદ માણી શકે તે માટે સુંદર કાર્ય

# ભૈ વાહ : લાઠીમાં નવનિર્મિત ભવાની ગાર્ડનનું થયુ લોકાર્પણ

**ગુજરાત સરકારની અમૃત મિશન યોજનાતળે રૂપિયા ર કરોડનાં ખર્ચે ગાર્ડનનું નવનિર્માણ કરાયું**

**લાંબા સમયનાં નિર્માણ કાર્ય બાદ વિધિવત ગાર્ડનું થયું લોકાર્પણ**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય તળાવીયા, ભામાશા મનજીભાઈ ધોળકીયાનાં હસ્તે થયું લોકાર્પણ**

**પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ, શહેર ભાજપનાં અગ્રણીઓ, વેપારીઓ સહિત સૌ ઉપસ્થિત રહ્યા**



લાઠી, તા. ૧૮

લાઠી શહેરના હૃદયસમા ભવાની ગાર્ડનનું નવનિર્માણ પામ્યા બાદ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના અમૃત ૨.૦ મિશન અંતર્ગત ફાળવવામાં આવેલી ૨ કરોડની ગ્રાન્ટથી આ ગાર્ડનને નવો ઓપ આપવામાં આવ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા રિનોવેશન કાર્ય બાદ આ ગાર્ડન શહેરની જનતા માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવતા આનંદની લાગણી જોવા મળી રહી છે.

ઉપ દંડક કૌશિકભાઈ વેકરિયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને જાણીતા ઉદ્યોગપતિ અને ભામાશા મનજીભાઈ ધોળકીયાના વરદ હસ્તે ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લાઠીમાં ભવાની ગાર્ડનનુ લોકાપર્ણ થતા લાઠી શહેર ના નાનાથી લઈને મોટી ઉંમરના લોકોને હરવા ફરવા શાંતી આપતુ સ્થળ ભવાની ગાર્ડન થશે.

લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ ગાર્ડનના નવીનીકરણના કાર્યને બિરદાવ્યું હતું અને શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરનાર આ સ્થળ નાગરિકો માટે એક સુંદર ભેટ સમાન હોવાનું જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં લાઠી શહેર ભાજપ પરિવાર, લાઠી નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો તેમજ સંગઠનના તમામ કાર્યકરો અને લાઠીના વેપારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શહેરમાં આ પ્રસંગને લઈને ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. હવે શહેરના લોકો આ સુંદર અને આધુનિક સુવિધાઓથી સજ્જ ગાર્ડનમાં શાંતિ અને પ્રકૃતિનો અનુભવ કરી શકશે.

### મંડળીએ કરેલ ચેક રીટર્નની ફરિયાદ બાદ

## લીલીયા મોટા : ક્રિષ્ના શરાફી મંડળીનાં બાકીદારને ર વર્ષની સજાનો હુકમ

**એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો સફળ રહી**

લીલીયા મોટા, તા. ૧૮

લીલીયા મોટા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળી લી.માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) વિપુલભાઈ ભીખાભાઈ ધોરાજીયા રહે. બોડીયા (તા. લીલીયા)નો ચેક રૂા. ૧,૨૦,૦૧૨/-નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળીના ચેરમેન હાર્દિકભાઈ જે દવેએ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરીયાદ કેસ નં ૧૩/૨૦૨૫નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતા ધારાશાસ્ત્રીની દલીલો ગ્રાહય રાખી અદાલત દ્વારા વિપુલભાઈ ભીખાભાઈ ધોરાજીયાને બે વર્ષની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમા ભરવો અને દંડ ન ભરે તો વધુ ચાર માસની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ કરેલ છે આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે.



### જાફરાબાદનાં પીછડી ગામનાં ચંદ્રેશભાઈ પડશાળા ભયભિત

## લ્યો બોલો : ગૌચર જમીન બચાવવાનો પ્રયાસ કરનારની જીંદગી ઉપર જોખમ ઉભુ થયુ

**જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને સુરક્ષાની કરી માંગ**

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ તાલુકાના પીછડી ગામના યુવા ખેડૂત પુત્ર જાગૃત અને સામાજિક કાર્યકર્તા એવા પડસાળા ચંદ્રેશ મગનભાઈએ આજે પીછડી ગામમાં ગૌચરના પ્રશ્નો સરકાર સમક્ષ ઉઠાવેલા હોય અનેક વખત લેખિત સરકાર સમક્ષ રજૂઆતો કરી છે. રજૂઆતો કરીને ત્યારે આજે તાજેતરમાં પીછડી ગામનો જટિલ પ્રશ્ન અને જૂનો પ્રશ્ન ગૌચર દબાણ બાબતે ચંદ્રેશભાઈએ મોટી ઝુંબેશ ઉપાડતા સુરક્ષાની માંગણી કરી છે કારણ કે આવા સેવાભાવી કામ કરવાવાળા લોકો ઘણા લોકોને આંખમાં કણાની જેમ ખૂંચે છે અને તેનો અવાજ દબાવવા પ્રયત્ન થઈ રહ્યા છે ત્યારે તેમણે અગાઉ પોતાની ઉપર કે પોતાના પરિવાર ઉપર કોઈ હુમલો થાય અથવા ખોટી રીતે ફરિયાદ થાય કે પોતે અને પોતાના



અનુસંધાન પાના ૬ ઉપર

### છેલ્લા ૮-૮ વર્ષથી સતત રજુઆત છતાં કોઈ પરિણામ નહી

## ચલાલા-હુડલી માર્ગ બનાવે નહીં તો ધારાસભ્ય આપી દે રાજીનામુ : ગ્રામજનોનો રોષ સાતમા આસમાને

**ગ્રામજનોએ મીડિયા સમક્ષ એક મહિનાની મુદ્દત આપી**




ચલાલા, તા. ૧૮

ધારી તાલુકાના હુડલી ગામ ૧૫૦૦થી વધારે વસ્તી ધરાવતુ અને મુખ્યત્વે ખેતી અને કેરીના બગીચા પર નિભાવ ધરાવતુ સુખી સંપન્ન ગામ છે. ચલાલાથી હુડલીને જોડતો આઠ કિલોમીટરનો માર્ગ છેલ્લા આઠ વર્ષથી અતી બિસ્માર ખાખડ બખડ ભાંગેલો તુટેલો બની ગયો હોય. અને છેલ્લા આઠ વર્ષથી ધારાસભ્ય જે.વી. કાકડીયાને અને મામલતદાર, પ્રાંત અધિકારી સહિત તંત્રને વારંવાર લેખીત મેખીક રજૂઆતો

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)